ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૮ ટકા

ગાંધીનગર તાપમાન

વડ વાળા મહાદેવ આશ્રમ - શેરથા

ગાંધીનગર, તા.૨૧

માન્યતા છે કે દર વર્ષે શ્રાવણમાં ભગવાન શિવ પોતાના સાસરે આવે છે. શ્રાવણ મહિનામાં જ સમુદ્ર મંથન કરવામાં આવ્યું હતું. સમુદ્ર મંથન સમયે જે હલાહલ વિષ બહાર આવ્યું હતું તેને ભગવાન શંકરજીએ ગળામાં જ રોકી લીધું અને સૃષ્ટિની રક્ષા કરી હતી. ભગવાન શંકર એમના ભક્તો પર જલ્દી પ્રસન્ન થઈ જાય છે. તેથી એમને ભોલેનાથ કહેવામાં આવે છે. ભગવાન શિવ જ આદિ અને અનંત છે જે પુરા બ્રહ્માંડ ના કણ કણ માં વિદ્યમાન છે. ભગવાન શિવ આપણા બધાના ઈષ્ટ દેવ છે. તે બધાની સમસ્યા ને સમજે છે. એથી જ અમારું માનવું છે કે કોઈપણ શુભ કાર્ય કે સંકલ્પને પૂરો કરવા માટે ભગવાનના ભક્તિ માર્ગે જવું જરૂરી છે આપણા આરાધ્ય ભગવાન ભોલેનાથ ને આગળ રાખીને જે પણ કાર્ય કરીશું તે અવશ્ય પૂર્ણ થશે જેથી અમારી સંસ્થા દ્વારા કરવામાં આવતા પર્યાવરણ સંરક્ષણ અને સમાજ ઉપયોગી કાર્યોને વધુમાં વધુ વેગવંતુ કરવા માટે અને રાષ્ટ્ર નિર્માણ અને સમાજ નિર્માણ માટે થઈને ભગવાન ભોલેનાથનાં આશીર્વાદ હેતું વડના રૂપમાં ભગવાન શિવની સ્થાપના કરીને ભગવાન ભોલેનાથ ને પ્રસન્ન કરવા માટે વડ વાળા મહાદેવ આશ્રમ - શેરથા વડનું વૃક્ષ વાવવાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યમાં માનનીય શ્રી હસુખભાઈ પટેલના હસ્તે વડના રુપે ભગવાન ભોલેનાથની સ્થાપના કરીને પવિત્ર શ્રાવણ માસ માં અદભુત અધ્યાત્મિક કાર્યની સાથે પર્યાવરણ જાળવણીનું કાર્ય કરવામાં આવ્યું આ કાર્યમાં ઉપસ્થિત રજનીશભાઈ પટેલ મેનેજિંગ ટ્રસ્ટી એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દરેક શિવભક્તોને પોતાના આરાધ્ય ભોલેનાથને પસંદ કરવા માટે પોતાની નજીકમાં એક વડ વાવીને વડવાળા આશ્રમની સ્થાપના કરીને રાષ્ટ્ર નિર્માણ અને સમાજના નિર્માણના ઉત્તમ કાર્ય કરવા ઉત્સુક લોકોને ટ્રસ્ટ સંપૂર્ણ મદદરૂપ બનશે તે માટે આહવાન કરવામાં આવ્યું આ કાર્યમાં દરેક ઉપસ્થિત ભક્તો અને પર્યાવરણ પ્રેમી મિત્રોનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હર હર ભોલે શંભુ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ખિલૌના-ઈન્ડિયા ટોય્ઝ એન્ડ ગેમ્સ ફેરમાં પ્રતિનિધિત્વ કર્યું

દેશ-વિદેશના હજારો લોકોએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સેન્ટર ઓફ ટોય સાયન્સ દ્વારા મુકાયેલ સ્ટોલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા દિલ્હીના ગ્રેટર નોઈડા સ્થિત ઈન્ડિયા એક્સ્પો સેન્ટર એન્ડ માર્ટ ખાતે તા. ૧૮ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ દરમિયાન આયોજિત "ખિલૌના ૨૦૨૩-ઈન્ડિયા ટોય્ઝ એન્ડ ગેમ્સ ફેર"માં ભાગ લેવામાં આવ્યો હતો. ભારતમાં રમકડાં નિર્માણના ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા માટે આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશથી રમકડાં નિર્માણ સાથે જોડાયેલી કંપનીઓ, એજન્સીઓ સહિત આ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓએ ભાગ લીધો હતો, જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.

'ખિલૌના-ઈન્ડિયન ટોય્ઝ એન્ડ ગેમ્સ ફેર ૨૦૨૩' એ ભારતનો સૌથી મોટો રમકડાં અને ગેમ્સનો ઉત્સવ છે, જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સેન્ટર ઓફ ટોય સાયન્સ દ્વારા આયોજિત સ્ટોલમાં એજ્યુકેશન ટોય અને ગેમ્સ, સ્પોર્ટ્સ ગેમ્સ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, કાર્ડ બોર્ડ ગેમ્સ, વુડન ટોય્સ, ભારતીય પરંપરાગત રમકડાં, રોબોટિક રમકડાં, ઈલેક્ટ્રોનિક રમકડાં સહિત વિવિધ બાળકેન્દ્રી ગેજેટ્સ પ્રદર્શન માટે મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત સામાન્ય પ્રજાની સાથે રમકડાં ક્ષેત્રે જોડાયેલાં નિર્માતાઓ, રિટેલર્સ, શિક્ષણવિદો પણ રમકડાંના રાષ્ટ્રીય મેળામાં જોડાયા હતા. આ ઉત્સવમાં ભારતભરમાંથી અંદાજે ૧૦૪ જેટલાં મેન્યુફેક્ચરર, એક્ષ્પોર્ટર, ટ્રેડર્સ, હોલસેલર, અવનવાં સ્ટાર્ટઅપ તેમજ વિવિધ રાજ્યોના ટોય ક્લસ્ટરોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત દેશ-વિદેશમાંથી લગભગ ૫૦૦૦થી પણ વધુ વાલીઓ, શિક્ષકો, રિસર્ચ સ્ટુડન્ટસ વગેરેએ આ ટોય ફેરની મુલાકાત લીધી હતી. જેમાં સેન્ટર ઓફ ટોય સાયન્સ દ્વારા બનાવવામાં આવેલાં અલગ-અલગ પ્રકારનાં રમકડાંઓ, વિવિધ પઝલો તેમજ રમતો આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ ઉપરાંત ફેરમાં ઉપસ્થિત તમામ મેન્યુફેક્ચરર, હોલસેલર અને સ્ટાર્ટઅપ સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કઈ રીતે સાથે મળીને કામ કરી શકે તે વિષય ઉપર પણ ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે મા. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, "ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સેન્ટર ઑફ ટોય સાયન્સ દ્વારા રમકડાં થકી સર્વાંગીણ બાળવિકાસ સાધવા માટે સંશોધનો પર કામ કરી રહી છે, ત્યારે ખિલૌના-૨૦૨૩ એ ભારતીય બાળમાનસને સમજવાનો અવસર બની રહેશે." વધુમાં, "આ અનુભવમાંથી પ્રાપ્ત થયેલાં જ્ઞાનને આધારે આગામી સમયમાં યુનિવર્સિટી દ્વારા વિવિધ સંશોધનો અને કાર્યક્રમો હાથ ધરવામાં આવશે" તેવો આશાવાદ પણ તેમણે પ્રકટ કર્યો હતો.

જન્મદિને વધામણી

ભરતભાઈ વી. સોની
પ્રમુખ-સે-૧૩/બી વસાહત મંડળ
મો. ૯૫૭૪૯ ૧૯૮૨૦

ઠાકોર વિનોદકુમાર શંભુજી
મો. ૯૮૨૪૬ ૨૬૮૨૨

યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧

ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ'
સંપાદક : ઉડ્ડયન ઈ-મેગેઝીન
મો. ૯૭૨૫૪ ૭૩૯૯૯

હિંમતભાઈ બી સોલંકી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

તૃપ્તીબેન સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૮૨૪૯ ૭૬૮૨૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સમદર્શન આશ્રમમાં શ્રી કૃપાનિધિ મહાદેવ શિવજીની તાંડવ ભંગીમા સાથે બ્રહ્માંડનો વિશેષ શણગાર

શ્રાવણ માસમાં મહાદેવજીને દરરોજ વિશેષ શણગાર કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેક્ટર-૧ માં સ્થિત સમદર્શન આશ્રમમાં શ્રી કૃપાનિધિ મહાદેવના મંદિરમાં પવિત્ર શ્રાવણ મહિનાના શુભારંભે આજે ભગવાન શિવજીની ભવ્ય તાંડવ ભંગીમા સાથે બ્રહ્માંડનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.

સમદર્શન આશ્રમના અધિષ્ઠાન દેવ શ્રી કૃપાનિધી મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા વર્ષ-૨૦૦૭ માં થઈ હતી. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાંન્નિધ્યમાં શ્રી કૃપાનિધિ મહાદેવ મંદિરમાં દરરોજ શાસ્ત્રોક્ત વિધિથી ષોડશોપચાર પૂજા કરવામાં આવે છે. મહાદેવજીના મંદિરમાં શ્રાવણ મહિના દરમિયાન દરરોજ વિશેષ શણગાર કરવામાં આવશે. ભાવિક ભક્તજનો શ્રાવણ માસ દરમિયાન ગાંધીનગરના આ સ્વચ્છ, સુંદર અને રમણીય પરિસરમાં બિરાજમાન શ્રી કૃપાનિધિ મહાદેવજીના દર્શનનો લાભ લઈ શકે છે.

ચિલોડા મોટા ખાતે મહાદેવ મંદિરે ત્રણ દિવસ સુધી બાપ્સ અમૃત મૂર્તિ સ્વામી દ્વારા સત્સંગ દિક્ષા ગ્રંથ આધારિત બાળ પારાયણનું આયોજન કરવામાં આવ્યું જેમાં ચિલોડા ગામના અને અન્ય ગામના બાળકો ત્રણ દિવસ સુધી બાળ પારાયણ સભાનો લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.

બ્રહ્માકુમારી ચિલોડા ખાતે નશા મુક્ત યુવા, સશક્ત ભારતકા નિર્માતા કાર્યશાળા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના બ્રહ્માકુમારીઝ,જગદંબા ભવન, ચિલોડા ખાતે 'નશા મુક્ત યુવા, સશક્ત ભારતકા નિર્માતા' વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજવામાં આવેલ. જેના નેજા તળે બ્રહ્માકુમારીઝની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મેડિકલ પ્રભાગ, રાષ્ટ્રિય સેવા યોજના એકમ શારિરીક શિક્ષણ અને ખેલ વિજ્ઞાન સંસ્થા, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા તથા રાષ્ટ્રિય રક્ષાશક્તિ યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારા ખાસ કરીને વિદ્યાર્થી બંધુઓ માટે નશામુક્તિથી પોતાનામાં એક નવી જ સમજ અને નવી ઉર્જા સાથે નવજીવનનો શુભારંભ કરવાનો સુવર્ણ અવસર પ્રદાન કરવા એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાષ્ટ્રિય રક્ષાશક્તિ યુનીવર્સીટી, ગાંધીનગરના ૧૫૦ અને શારિરીક શિક્ષણ ગુજરાત વિદ્યાપીઠ સાદરાના ૧૦૦ જેટલાં વિદ્યાર્થી યુવા ભાઈ-બહેનો વિશેષ આમંત્રિત હતાં. કાર્યક્રમનો શુભારંભ પરમપિતા શિવ પરમાત્માની યાદ સાથે આદ્યાત્મિક ગીત ગુંજનથી થયેલ. મંચસ્થ મહેમાનોનું બ્રહ્માકુમારી બહેનો દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત અને બેઝથી અર્પણ વિધિ પછી શબ્દોથી સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય મહેમાન ઋષિકેશભાઈ પટેલ,મંત્રી સ્વાસ્થ્ય,પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ ઉચ્ચ તથા તાંત્રિક શિક્ષણ મંત્રાલયની અન્યત્ર વ્યસ્તતાને કારણે આવી શકેલ નહી પણ તેમની દિલની શુભેચ્છાઓએ કાર્યક્રમને ઉત્સાહી બનાવી દીધેલ. અતિથી વિશેષ મેજ.જનરલ દિપક મહેરા-ડાયરેક્ટર સીસ્પાએ રાષ્ટ્રિય રક્ષાશક્તિ યુનીવર્સીટી,ગાંધીનગરની ગતિ વિધીની ઝલક આપતા રાષ્ટ્રના વિકાસમાં તેના ફાળાની વગતે જાણકારી રજુ કરેલ. જયારે ગુજરાત વિદ્યાપીઠ સાદરાના સિનિયર પ્રોફેસર પ્રભુલાલ કાસુંદ્રા એ પણ તેમના અતિથી પદેથી આપેલ વક્તવ્યમાં જણાવેલ કે, આજના યુગમાં ફિઝિકલી ફિટ્ રહેવા માટે ફિઝિકલ એજ્યુકેશન દરેક માટે અતિ આવશ્યક બની રહેલ છે. તેમણે તેમની સંસ્થાની પ્રવૃતિઓની વિગતે જાણકારી રજુ કરેલ. બ્રહ્માકુમારીઝ,સેક્ટર.૨૮, ગાંધીનગર પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશદીદીજીએ આજના 'નશા મુકત ભારતના અભિયાન' તળેની એક દિવસીય કાર્યશાળામાં ઉપસ્થિત સૌ પર પરમાત્મ આશીર્વાદની વર્ષા કરેલ અને સૌના ઉચ્ચત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘકાલીન જીવન માટે પ્રાર્થના કરી હતી.

આર.એન.પટેલ શાળામાં માતૃપિતૃ વંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

શ્રી સર્વ વિદ્યાય કેળવણી મંડળ (કડી) સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૧-૮-૨૩ને સોમવારના રોજ માતૃપિતૃ વંદનાનો સુંદર અને પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ધો. ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના લગભગ ૫૫ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાન દ્વારા દીપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થીઓએ માતૃપિતૃ વંદના માટે સુંદર વક્તવ્ય રજૂ કર્યા હતા. તેમના જીવનમાં માતા-પિતાનું શું સ્થાન છે તે જણાવ્યું તેમ જ વિદ્યાર્થીઓએ માતૃપિતૃ વંદનાને લગતું ગીત રજુ કર્યુ હતુ. વાલી ભૂમિકાબેન કંસારાએ પણ સુંદર મજાનું વક્તવ્ય આપ્યું હતુ ત્યારબાદ વિદ્યાર્થીઓએ ડાન્સ રજૂ કર્યા. શાળાના શિક્ષક સાહિલસરે ગીત રજૂ કર્યુ. ગાયત્રી પરિવારના ભાઈ રજનીકાંતભાઈ પટેલે મંત્રોચ્ચાર દ્વારા ખૂબ જ સરસ રીતે પૂજન અર્ચન કરાવ્યું. વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને ચાંદલો કરી પૂજન અર્ચન કર્યુ અને માતા-પિતાના ચરણોમાં પ્રણામ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને પ્રતિજ્ઞા લીધી કે અમે મતા-પિતા સામે ઉંચા અવાજે બોલીશું નહી. તેમની આજ્ઞાનું પાલન કરીશુ અને તેમને આદર સત્કાર આપીશુ. આ પ્રોગ્રામથી બાળક માતા-પિતાનું આદર કરે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન શાળાની શિક્ષિકા બહેનો કિરણબેન અને ગીતાબેને કર્યુ હતુ.



એસ.જી. ઈંગ્લિશ મીડીયમ પ્રાઈમરી સ્કૂલ રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધામાં પ્રથમ નંબરે

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલે ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં સંસ્કૃત વિભાગમાં અવ્વલ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓએ ભાગ લીધેલ હતો અને ખૂબ જ સુંદર રીતે પોતાના ગીતો રજૂ કર્યા હતા. જેમાં એસ.જી. ઈંગ્લિશ મીડીયમ શાળાના બાળકોએ સુર, લય અને તાલબદ્ધ રીતે સંસ્કૃતમાં ભારત માતા માટે સુંદર મજાની રજૂઆત કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીઓને શાળાના પ્રિન્સિપાલ તથા શાળા વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જ્ઞાન શાળાના વિદ્યાર્થીઓને દાંડીના દર્શન કરાવ્યા

ગાંધીનગર, તા.૨૧

ભારત માતા અભિનંદન સંગઠન (હરિયાણા) ગુજરાત ના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા સેક્ટર ૧૪ ગાર્ડનમાં ગાંધીનગર ખાતે ચાલતી નિઃશુલ્ક જ્ઞાન શાળા ના વિદ્યાર્થીઓ ને શાળાના સંચાલક અને શિક્ષક તરીકે ફરજ બજાવતા ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા મહાત્મા ગાંધી મંદિર સામે આવેલ દાંડી ના દર્શન વિદ્યાર્થીઓ ને કરાવ્યા હતાં.

આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે હસમુખભાઈ જોષી, તેજસ સોસાયટી, સે. ૨૩ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.